# શ્રી ઉત્તર ગુજરાત બારગામ કડવા પાટીદાર સમાજ, અમદાવાદ

## શ્રી પ્રહલાદભાઈ દ્વારકાદાસ પટેલ કેમ્પસ (ઉમતાવાળા)

## શ્રી નારાયણભાઈ ગંગારામભાઈ પટેલ સમાજભવન (ઉમતાવાળા)

કર્ણાવતી ડેન્ટલ કોલેજની સામે, અડાલજ, ઉવારસદ રોડ, જીલ્લો : ગાંધીનગર



# સંદેશ

મારા વ્હાલા સગા-સ્નેહી, મિત્રો, પરિવારજનો આપણા કડવા પાટીદારની કુળદેવી મા ઉમિયાના આશિર્વાદથી ક્ષેમ કુશળ હશો, અને મા ઉમીયાની કૃપા સદાયે તમાર પરિવાર ઉપર રહે તેવી મા ઉમીયાને બે હાથ જોડી પ્રાર્થના. જયારે મેં તારીખ:-૩૧/૦૭/૧૯૯૬ ના રોજ અમદાવાદમાં આગમન કર્યું ત્યારે સામાન્ય નોકરી કરી પગભર થવાનો પ્રયત્ન કર્યો, ત્યારે ઉત્તર ગુજરાત બા.ગા.ક.પા.સમાજ, અમદાવામાં ચાલે છે તેની મને કશીજ ખબર ન હતી, સમાજના એક પ્રતિષ્ઠિત (લાડોલ ગામના રણછોડદાદા) સ્વજન ધ્વારા મને બાર ગામ સમાજમાં આવવાનું આમંત્રણ મળ્યું અને આપણા બાર ગામ સમાજ અમદાવાદમાં મારી એન્ટ્રી કરાવી, ત્યારથી  અવિરત પણે મેં સમાજની સેવા કર્યે જ રાખી છે, અને સમાજમાં નાનું-મોટું શ્રમ દાન અને આર્થિક દાન દ્વારા મારું યોગદાન આપતો રહ્યો છુ.

તેના ફળ સ્વરૂપે સમાજે મને તારીખ:-૧૭/૦૫/૨૦૨૪ ના રોજ સમાજનો પદભાર સાચવવા /સમાજનો  વહીવટ કરવા  વર્ષ ૨૦૨૪-૨૬ માટે  “પ્રમુખ” નું બિરુદ આપ્યું અને સમગ્ર સમાજમાં મારું સ્થાન ઊંચું કર્યું. હું આ શ્રેય સમાજના દરેક વ્યક્તિને અર્પણ કરુંછુ. અને સમાજને ખાતરી આપું છુ, કે  સમાજે મારામાં મુકેલો વિશ્વાસ કાયમ રાખવો તે મારી પહેલી પ્રાથમિકતા હશે.

આપણા સમાજને એકજ સાંકળે અતુટ રીતે બાંધવા માટે આપણા વડીલોએ અથાગ પરિશ્રમ દ્વારા આપણા સમાજને પ્રગતિના પંથે લઈ જઈ સમાજના દરેક પ રિવારને શ્રેષ્ઠ જીવન જીવવાની કળા શીખવાડી, પોતાન સંતાનોને વ્યવસાયમાં અને સાથે સાથે સમાજ સેવામાં પણ  નિપુણ કર્યા, તેમજ આપણા સમાજના દીર્ઘ દ્રષ્ટા  વડીલોની પ્રેરણા, આદર્શ અને કાર્ય દક્ષતા આપણા સમાજ માટે માર્ગદર્શક અને પ્રેરણા બની રહેતા હતા. આ સમાજનું સિંચન કરનાર આપણા વડીલોએ સમાજને ચંદનની જેમ ખુશ્બુથી મહેકાવી દીધો છે, પોતાના પરસેવાની કમાણીથી અને સમાજ માટે પોતાના પરસેવાનું સિંચન કરીને સમાજને પ્રગતિશીલ બનાવ્યો છે, અને તે ફળ સ્વરૂપે  હાલ આપ સૌ જોઈ રહ્યા છો કે આપણો સમાજ ખુબ પ્રગતિશીલ છે અને પ્રગતિના પંથે જઈ રહ્યો છે.

દરેકની પાસે સમયનો અભાવ હોવા છતાં પણ સમાજના નાના વર્ગની સાથે તાલ મિલાવીને આપણો સમાજ સમૂહ લગ્નો, ધાર્મિક મેળાવડાઓ, સ્નેહમિલન સમારંભ, પ્રવાસ, ઈનામ વિતરણ, જરૂરીયાતમંદ પરિવારોના સ્વજનોને મેડીકલ તેમજ આર્થીક સહાય તેમજ સમાજને લગતી નાની મોટી  પ્રવુત્તિઓ  દ્વારા સમાજને અને સમાજના નાનામાં નાના વ્યક્તિને એક આગવું સ્થાન અપાવવાની ફરજ અદા કરી રહ્યો છે. આવા ઉમદા કાર્યો દ્વારા સમાજના દરેક વ્યક્તિની સમાજ સેવા પ્રત્યેની ભાવના સમાજના નાનામાં નાના દરેક વ્યક્તિમાં રહેલી છે અને તે કાયમ રહેશે. કોલેજ સ્ટડી દરમ્યાન અને સમાજના વડીલો દ્વારા એટલું તો ચોક્કસ શીખવા મળ્યું  છે કે.....

"જીવનમાં નૈતિકતાના ભોગે કોઈ એવું કામ ના કરવું જોઈએ કે સમગ્ર સમાજનું માથું શરમથી ઝુકી જાય અને સમાજ વેર-વિખેર થઇ જાય. આપણા દરેક વ્યવહારમાં કરુણા, શિસ્ત, વિશ્વાસ, નીડરતા, સત્ય તથા માનવતા હોવી જોઈએ. જીવનમાં પ્રગતિ કરવા વ્યવસ્થિત આયોજન, પ્રાથમિકતા તથા તેનું અમલીકરણ ખુબજ જરૂરી છે. આપણે જાણીએ છીએ કે ભગવત ગીતાના બધાજ પાત્રો આપણને કંઈક શીખવે છે. "નકારત્મક તથા હકારત્મક અભિગમનો સમન્વય આપણને ભગવત ગીતામાં જોવા મળે છે, પરંતુ છેવટે સત્યનો વિજય થાય છે. જીવનમાં ક્ષુલ્લક બાબતોને છોડીને સમાજ માટે વ્યવહારુ તથા તાર્કીક નિર્ણયો લેવા જોઈએ."

સમાજની પ્રગતિમાં ધ્યેય, સિદ્િધ અને પ્રગતિ માટે કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, નિષ્ઠા અને પ્રમાણિકતા સાથે જીવનક્રમ જાળવવો જરૂર મુશ્કેલ છે, પણ એ જ સન્માનીય છે. માનવ (કુટુંબ) સમાજ સેવા એજ મહાન ધર્મ છે તેવું માનવા માટે 'આપની ફરજ છે' તેમ સમજી શકીએ તોજ સમાજ અને વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થાય છે, અને ત્યાર પછીજ સમાજમાં એક આગવું સ્થાન મળે છે, જે સમગ્ર સમાજે વર્ષ ૨૦૨૪-૨૬ માટે "પ્રમુખ" નું બિરુદ આપી મને સમાજમાં એક આગવું અને મહત્વનું સ્થાન અપાવ્યું છે , અને સમાજ સેવા કરવાની મહત્વની એક તક અને જવાબદારી આપી છે.

મારા અથાગ પરિશ્રમ દ્વારા તમારા સાથ અને સહકારથી સમાજને પ્રગતિના પંથે લઇ જવા, તેમજ આપણા સમાજનો નાનામાં નાનો માણસ શ્રેષ્ઠ જીવન જીવે, સમાજનો નાનામાં નાનો માણસ શ્રેષ્ઠ જીવન જીવવાની કળા શીખે, પોતાનું ધ્યેય, પોતાની સિદ્િધ અને પોતાની પ્રગતિ કરીને સમાજને કેવી રીતે મદદ કરે, અને મદદ રૂપ થઇ શકે ("સૌનો સાથ સમાજનો વિકાસ") તેવા મારા પ્રયત્નો થકી બાર ગામ સમાજની સફળતા, વિકાસ અને નવ ચેતના લાવવા આપણા સૌના આશિર્વાદ સાથ અને સહકાર દ્વારા હંમેશા પ્રયત્ન કરતોજ રહીશ. સમાજે મને "પ્રમુખ" તરીકેની જે જવાબદારી અને ઓળખ આપી છે, આપ સૌ વડીલ, મિત્રોના સાથ-સહકાર અને આશિર્વાદથી તે ઓળખ કાયમ રાખવાનો પ્રયત્ન કરીશ. એજ વંદન સાથે.

પ્રવીણ પી પટેલ (પી.પી.પટેલ),
પ્રમુખ, શ્રી ઉત્તર ગુ.બા.ગા.ક.પા.સમાજ, અમદાવાદ

કાર્યાલયઃ અમદાવાદ, ક્રિષ્ણા-નારાયણ (ચાણસ્માવાળા)
૪૨, રાજ ટાવર, ચોથે માળ, સતાધાર ચાર રસ્તા પાસે, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ. મો.૯૧૦૬૫૬૬૯૮૮/૯૮૯૮૯૫૦૦૧૫